# SHREE LOHANA MAHAPARISHAD

**Pravin T. Kotak** President ■ **Umang H. Thakkar** Sr. Vice President ■ **Himanshu B. Thakkar** Secretary ■ **Piyush G. Gantha** Secretary

માતૃસંસ્થાના બધા જ વિભાગો તથા બધી જ સમિતિઓ દ્વારા આયોજીત

થેલેસેમિયા જાગૃતિ અભિયાન

## થેલેસેમિયા નાબૂદી સંકલ્પપૂર્તિ અંતર્ગત તા.૦૮/૦૫/૨૦૧૬ ના રોજ થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ તથા થેલેસેમિયા જાગૃતિ મહારેલીનું આયોજન કરવા અપીલ.

થેલેસેમિયા માયનોર એ કોઈ રોગ નથી. આપણે સૌ થેલેસેમિયા પરિક્ષણ કરાવી ભવિષ્યમાં બે થેલેસેમિયા માયનોર વ્યકિતઓના સંબંધ થતાં અટકાવી આપણી જ્ઞાતિમાંથી તેમજ સમાજમાંથી થેલેસેમિયા મેજર નામના મહાભયાનક રોગને જાકારો આપીએ.

સ્નેહી / પ્રમુખશ્રી તથા હોદેદારો,

**જય રઘુવંશ** **જય મહાપરિષદ**

આપ સૌ જાણો છો કે માતૃસંસ્થાશ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આપણી જ્ઞાતિમાંથી થેલેસેમિયા મેજર નામની મહાભયાનક બિમારીને જડમૂળથી નાબૂદ કરવાના મક્કમ પ્રયાસ આપ સૌના સાથ – સહકારથી કરવામાં આવી રહ્યા છે. આપને વિદિત હશે જ કે તા. ૮ મે ૨૦૧૬ સમગ્ર વિશ્વમાં **થેલેસેમિયા ડે** તરીકે ઉજવાય છે. ઉપરાંત મે માસને શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થેલેસેમિયા નાબૂદી માસ જાહેર કરેલ હોવાથી તેના ઉપલક્ષ્યમાં જ્ઞાતિના તમામ મહાજન/ સંસ્થાઓમાં પણ તમામ યુવક/ યુવતીઓના થેલેસેમિયા નિદાન કેમ્પના આયોજન થાય તે અત્યંત જરૂરી છે. તિરૂપતિ મુકામે તા. ૧૬/૧૧/૨૦૧૪ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ કારોબારી સમિતિ સભામાં પસાર થયેલા ઠરાવના અનુસંધાને આ કેમ્પમાં થનાર થેલેસેમિયા પરિક્ષણનો તમામ ખર્ચ માતૃસંસ્થા દ્વારા પરિક્ષણ દીઠ મહત્તમ રૂા. ૨૦૦/- ની મર્યાદામાં આપવામાં આવે છે. આ અનુસંધાને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સાથે જોડાયેલ તમામ મહાજનો તથા સંસ્થાઓએ તા. ૦૮ મે, ૨૦૧૬ ના રોજ પોતપોતાના વિસ્તારના અનુકુળ સ્થળે માધ્યમ બનવા અમો આપને આગ્રહ ભરી અપીલ કરીએ છીએ. આ અંગે આપને આપની સંસ્થાના હોદેદારો સાથે ચર્ચા વિચારણા કરી યોગ્ય આયોજન કરી માતૃસંસ્થાના અમદાવાદ ખાતેના મધ્યસ્થ કાર્યાલય ઉપર અમોને જાણ કરશો. આ કાર્યક્રમ અંગેના બેનરની ડીઝાઈન તથા અન્ય જરૂરી માહિતીઓ વેબસાઈટ www.lohanamahaparishad.org ઉપર ઉપલબ્ધ કરેલ છે.

૮ મે, ૨૦૧૬ વિશ્વ થેલેસેમિયા ડે ના અનુસંધાને આપની સંસ્થા/ મહાજન/ ટ્રસ્ટ દ્વારા એક થેલેસેમિયા જાગૃતિ મહારેલીનું આયોજન કરી થેલેસેમિયા નાબૂદી અભિયાનને સાચા અર્થમાં સાર્થક કરી શકીશું. થેલેસેમિયા નાબૂદી અંતર્ગત થેલેસેમિયા જાગૃતિ મહારેલીનું આયોજન કરવા માટે આગળના પેજ ઉપરની સુચનાઓ આપને ઉપયોગી થશે.

Iscon Mega Mall, Basement Parking, Near Exit Gate,
S. G. Highway, Satellite , Ahmedabad. Ph (079) - 4009 1005
jaymahaparishad@gmail.com www.lohanamahaparishad.org